નમસ્કાર ગાંધીનગર

પમરાટ

એ જ ભણકારા રહે હરપળ કે તું આવી હશે,
દૂર સુધી શ્હેર આ ઝળહળ કે તું આવી હશે.

ઠેઠ પાતાળેથી પ્રગટ્યાં જળ કે તું આવી હશે,
સાવ નોખાં લાગતાં હર સ્થળ કે તું આવી હશે.

શ્વાસ-આંખો-ઉંબરો-આંગણ ને રસ્તાઓ બધા,
રોજ કરતાં છે વધું વિહ્વળ કે તું આવી હશે.

ક્યાં હવે સઙ્ગડ કોઇ કારણ રહ્યું છે તે છતાં,
ટેવવશ થઇ જાય છે અટકળ કે તું આવી હશે.

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

પાથેય

- રમેશ ઠક્કર

કોઇકના આવવાની ઝંખના એ જ ઘણીવાર આપણા જીવવાની ધારણા બની રહે છે..માણસની રાહ જોવાની તાલાવેલી પણ ગજબ હોય છે.એની ઇચ્છાઓના આટાપાટા રહસ્યમય હોય છે. એનો તાગ પામવો મુશ્કેલ છે.

મન એ ઇચ્છાનું જન્મસ્થાન છે, કર્મ કદાચ ગંતવ્યસ્થાન.ઇચ્છા અનંત છે..વિધવિધ પણ છે..એના પર્યાયો કેટલા બધા છે...? એષણા,ઓરતા, ઝંખના,અભિપ્સા, કામના, મનોરથ, સ્વપ્ન, ખ્વાહીશ,જિજીવિષા, ખેવના, સંકલ્પ,વગેરે વગેરે. માણસ નું ચાલકબળ એની ઝંખના છે..ઇચ્છાવિહિન નર (અને નારી પણ) પશુસમાન છે.

મનોરથ માણસને સમર્થ બનાવે છે.જો માણસજાત ઇચ્છાઓ ના કરે તો જગત ઠપ્પ થઇ જાય...ઇચ્છામાં સારી કે ખરાબ હોતી નથી..પણ ઇચ્છા ને રોકવી એ ખરાબ છે..એક બાજુ આપણે એમ કહીએ છીએ કે મન હોય તો માળવે જવાય..અને બીજી તરફ કહીએ છીએ મન ચંગા તો કથરોટમાં ગંગા ! ઇચ્છાના આટાપાટા ખરેખર અટપટા છે..

ખ્વાહીશ ક્યારેય અધુરી ના રાખવી..પણ મજા એ છે કે અતૃપ્તિ એ જ એનો પડછાયો છે...એટલે કે આપણે કરેલી તમામ ખેવનાઓ પરિપુર્ણ થાય એવું બનતું નથી.આ અસંતોષ જ પ્રગતિનો પથ બને છે.બીજીતરફ એવું પણ કહેવાય છે કે દુનિયાના તમામ દુઃખોની જનેતા જ ઇચ્છા છે..માટે એના ઉપર લગામ રાખો...એને કાબુમાં રાખો..

આ કશ્મકશ છે એટલે જ જીવન છે..અધૂરપ ના હોય તો મધુરપ ક્યાંથી સમજાય ? ઇચ્છા પૂર્તિ અને પ્રાપ્તિ બે પરિમાણો છે..આપણે આ બંને વિચારધારાની વચ્ચે ક્યાંક પસંદગી કરવાની હોય છે..વિવેકપૂર્ણ ઇચ્છા કદાચ સમતોલ અભિગમ ગણી શકાય.ઈચ્છાનું કદ શકિત કે સામર્થ્ય મુજબ થાય તો અતૃપ્તિના અભિશાપથી બચી શકાય.માણસની ઇચ્છાઓ પણ કેવી વૈવિધ્યસભર હોય છે !

આમ તો આપણી ઇચ્છાઓ લગભગ રોટી કપડા અને મકાનની આસપાસ જ અટકતી હોય છે!! ઇચ્છાને પૂરપાટ દોડાવવી એ પણ એક પડકાર છે..સંતોષ નામના સ્ટેશને એને અટકાવવી એ પણ કળા છે..એ જીવંત રહે તો જિંદગી છે..મરેલી ઇચ્છાઓ માટે કોઇ સ્મશાન હોતું નથી..મનના ગોખલા એ ઇચ્છાના પીરામીડ છે.ઇચ્છાની પેલે પાર પણ એક દુનિયા હોય છે..જેને તાગવી એ પણ સામર્થ્યનું કામ છે....

ન્યાયતંત્રની સ્વાયત્તતા લોકશાહીમાં અનિવાર્ય

તંત્રીસ્થાનેથી...

સ્વતંત્ર ભારતના લોકતંત્રના ત્રણ મજબૂત સ્તંભ છે : સંસદ, સરકાર અને ન્યાયપાલિકા. ચોથા સ્તંભ તરીકે પત્રકારત્વનો પણ મહિમા થતો રહ્યો છે. જો કે આ સ્તંભો ક્યારેક એકમેક સાથે અથડાય છે ત્યારે વિષાદ પ્રેરક સ્થિતિ સરજાય છે. આવી ટકરામણ અમુક અંશે આવકાર્ય પણ છે. સરકાર બહુમતીના જોરે મન ફાવે એમ વર્તવા માંડે ત્યારે ન્યાયપાલિકાએ એના પર નિયંત્રણ રાખવાની નૈતિક ફરજ ઊભી થાય છે. સરકારને સરખી રીતે કામ કરતી રહેવા દેવાની બાકીના સ્તંભોની પવિત્ર ફરજ છે. પણ સંસદીય લોકશાહીમાં સરકાર પાર્ટીના એજંડા મુજબ ચાલે છે. અને તે હંમેશા 'સર્વજનહિતાય' જ હોય એ જરૂરી નથી. લોકતંત્રમાં વિવિધ અને પરસ્પર વિરોધી વિચારસરણી ધરાવતી રાજકીય પાર્ટીઓને બહુમતીથી પોતાના સભ્યો ચૂંટી મોકલવાનો અબાધિત અધિકાર છે. 'બિનસાંપ્રદાયિકતા' જેવો ઉદાર અભિગમ અપનાવનારી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી આજે ધીરે ધીરે હાંસિયે ધકેલાઈ રહી છે. એ નબળી પડી ગયેલી એકસો આડત્રીસ વર્ષની પાર્ટીને જાણે ઘડપણ આવ્યું છે. એના યુવા નેતા રાહુલ ગાંધીએ એમાં નવી ચેટના ફૂંકવા દેશવ્યાપી પદયાત્રા યોજી છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી હોવા છતાં કન્યાકુમારીથી કાશ્મીર સુધી પદયાત્રા કરી ભારત જોડવા મથી રહ્યા છે. એમની આ યાત્રા ગુજરાતને 'બાય પાસ' કરીને બારોબાર મહારાષ્ટ્રથી મધ્યપ્રદેશ થઈ રાજસ્થાનમાં દાખલ થવાની છે. ભારતીય જનતા પાર્ટીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવા કલ્પનાશીલ અને કર્મઠ નેતા મળ્યા છે. જે આરએસએસના હિંદુત્વના એજન્ડાને ત્વરિત ગતિથી અમલમાં મૂકી રહ્યા છે. વિકાસના વિવિધ આયામો સર કરી ભારત વિશ્વની પાંચમી અર્થસત્તા બની રહ્યું છે. વડાપ્રધાનના પ્રભાવવર્તુળથી અંજાયેલાં બંધારણીય સત્તા પ્રતિષ્ઠાનો પણ ભારતીય જનતા પાર્ટીનાં એકમોની જેમ વર્તી રહ્યા હોય એવું વાતાવરણ પ્રવર્તી રહ્યું છે. આથી ન્યાયપાલિકા ક્યારેય તાર સ્વરે કેન્દ્રની ઈચ્છા વિરુદ્ધ ચુકાદા આપે છે. ત્યારે લોકતંત્રની શક્તિનો પરચો મળે છે. આખરે તો ન્યાયપાલિકા પણ દાંત વગરનો વાઘ છે. પરંતુ એની ખુમારી હજી સુધી અકબંધ રહેવા પામી છે એનો મહિમા કરવો ઘટે. એને બદલે દેશના કાનૂન મંત્રી જાતે જ ગુજરાતમાં આવીને ન્યાયતંત્રની કેટલીક અનધિકાર ચેષ્ટાઓની સામે પુણ્યપ્રકોપ ઠાલવે છે ત્યારે એટલું તો સમજાય છે કે બધું જ સમુંસૂતરું નથી ચાલી રહ્યું. કાનૂનમંત્રી કિરણ રિજિજુએ શબ્દો ચોર્યા વગર ન્યાયપાલિકાએ એની મર્યાદામાં રહેવાની સૂચના આપી દીધા છે. ન્યાયધીશોની નિમણૂકમાં કોલેજિયમ પ્રથા રદ કરવાની કેન્દ્ર સરકારની વ્યૂહરચના વિરુદ્ધ સુપ્રીમ કોર્ટે જે અભિગમ અપનાવ્યો એથી રિજિજુ અર્થાત્ વર્તમાન કેન્દ્ર સરકાર નારાજ છે. સરકારને ન્યાયપાલિકામાં ન્યાયાધીશોની નિમણૂકના સુવાંગ અધિકારો ખપે છે જે પરંપરાથી ચાલી આવતી સ્વાયત્ત ન્યાયપાલિકાના સ્વભાવને અનુરુપ નથી. રિજિજુએ તો વર્તમાન ન્યાયપાલિકાને એનો ડ્રેસકોડ પણ બ્રિટિશ પરંપરાનો હોવા બાબતે ટોણો માર્યો છે. ભારતીય સંસ્કૃતિને અનુરુપ એનો નવો ડ્રેસ કોડ અને મૌલિક છાપ ઊભી થાય તે દરેક ભારતીયને ગમે જ. પ્રાદેશિક ભાષાઓમાં ન્યાય અપાય અને વકીલોના સકંજામાં ફસાયેલા અસીલોને ન્યાયપાલિકા પણ સરકારની જેમ પોતીકી અને વિશ્વસનીય લાગે એ તો કેવું સારું લાગે ! પરંતુ પ્રણાલી પડી ગયા પછી બદલવી અઘરી છે. ગાંધીજીના વખતથી જે રીતે 'મી લોર્ડ' કહી ન્યાયમૂર્તિને સંબોધન કરાતું હતું તે આજે પણ ચાલુ છે અને એ કાળા બ્રિટિશબ્રાન્ડ પરિધાનથી ન્યાયપાલિકા સામાન્ય નાગરિકને સ્વાભાવિક રીતે જ પારકી લાગે છે. રિજિજુના કેટલાંક નિરીક્ષણો સંદર્ભે લોકમત લેવામાં આવે તો એમને બહુમતી અને લઘુમતી - તમામ સમુદાયોનું સમર્થન મળે એમ છે. પરંતુ ન્યાયપાલિકાએ ન્યાયધીશોની નિમણૂંક અને એમના પ્રમોશન - ડિમોશન સંદર્ભે જે અધિકારો પોતાના હસ્તક રાખેલ છે, એમાં સરકારી ચંચુપાતને તો જનતાનું સમર્થન પણ નહીં જ સાંપડે. હજી પણ ભારતની લોકશાહી ટકી શકી હોય તો એમાં ન્યાયપાલિકાનો સિંહ ફાળો રહ્યો છે, એટલે એને છંછેડવાનું દુઃસાહસ કેન્દ્ર સરકારને પણ મોંઘુ પડી શકે છે.

જ્યાં મારું અને તારું છે ત્યાં જ અંધારું છે

લાગણીનો મેળો
રસિક વાળંદ

એક દીવો છાતી કાઢીને
છડે ચોક ઝળહળે,
તો એ અંધારાના
સઘળા અહંકારને દળે.
હરેક ચીજને એ આપે સૌ સૌનું
મૂળ સ્વરૂપ
આવું મોટું દાન કરે
તો પણ એ રહેતો ચૂપ
પોતાને ના કે જ અપેક્ષા અન્ય
કાજ બસ બળે!
અંધકાર સામે લડવાની વિદ્યા ક્યાંથી મળી?
કિયા ગુરુની કૃપા થકી
આ રીત તપસ્યા ફળી?
હે દીવા, એ શાશ્વત પળ, તું પ્રકટે છે જે પળે..

- રમેશ પારેખ

'તારા કરતાં મેં... દિવાળી વધારે જોઈ છે!' - આવી શેખી મારનારાઓનો કોઈ તોટો ખરો?!

દિવાળી વિશે નાનપણથી સાંભળતા આવ્યા છીએ કે, ભગવાન રામચંદ્ર મહાબલિ રાવણને હણી, સીતાજીને છોડાવી ૧૪ વર્ષનો વનવાસ ભોગવી અયોધ્યા પાછા ફર્યા. અવધ ની પ્રજાએ પોતાના માનીતા રાજા, પુત્ર સમા વહાલા રામજી અને કુળવધુ સીતાજીના સ્વાગતમાં એક મોટો ઉત્સવ મનાવ્યો. વર્ષોથી શૂન્ય - અસ્વચ્છ પડી રહેલા નગરને અને ઘરોને સ્વચ્છ કર્યા, ફુલ અને તોરણોથી નગરને સજાવ્યું.

રામ વિરહમાં નિષ્પ્રાણ - નિરુત્સાહના અંધારામાં જીવતા અયોધ્યા વાસીઓએ અસંખ્ય દીપ માળાઓ પ્રગટાવીને નકારાત્મકતાને હટાવી રામ, લક્ષ્મણ, જાનકીજીનું ભવ્ય સ્વાગત કર્યું. અવધ વાસીઓએ શરૂ કરેલી પરંપરા આપણને પ્રત્યેક દિવાળીએ યાદ અપાવે કે અયોધ્યાની પ્રજાએ કેટલી ખુશી અનુભવી હશે અને કેવો હશે એ યુગ કે જેણે શરૂ કરેલા ઉત્સવની આજ સુધીની દુનિયા ધામધૂમથી ઉજવણી કરી રહી છે.

મિત્રો, દર વર્ષે આવતી દિવાળી દર વર્ષે નવી આભા, નવા આહલાદ નવા ઉમંગોથી ભરી હોય તેમ લાગે છે. ટમટમતા દીવડાઓની શૃંખલા - હારમાળા વિના દિવાળી જેટલી અધુરી છે તેટલી જ રંગો વિના ફિકી છે. સંસ્કૃત 'દિપાવલી' પરથી જેમ 'દિવાળી' શબ્દ આવ્યો છે તેમ 'રંગાવલી' પરથી 'રંગોળી' શબ્દ બન્યો છે. રંગોળી એટલે વિવિધ રંગોના ઉપયોગથી સાકાર થતું એક કલામય સૌંદર્ય સ્વરૂપ. ઘરના આંગણામાં કે મુખ્ય ખંડમાં કરેલી રંગોળીનો એક આગવો પ્રભાવ હોય છે. ઘણા વર્ષો પહેલાં દક્ષિણ ગુજરાતના ઉનાઈ ગામમાં દરેક દુકાન આગળ રંગોળી જોયેલી જે આજે સ્મરણપટ પર છે. દક્ષિણ ભારતમાં રોજ સવારે આંગણામાં પાણીનો છંટકાવ કરી કોરા રંગો વડે પરંપરાગત શુભ આકૃતિઓ રચવાનો રિવાજ છે.

ભાતીગળ સંસ્કૃતિ ધરાવતી આ ભારતભૂમિમાં પર્વો, તહેવારો અને ઉત્સવોની વણઝાર યુગોથી ચાલતી રહી છે. આપણી આ જુગજુની પરંપરાઓ આજ લગી જળવાઈ રહી છે. દેશની સાંસ્કૃતિક એકતા અખંડ રહી છે. ઉત્સવોની પ્રાચીનતાતો વેદકાલીન છે. 'ઉત્સવ' શબ્દનો આરંભ અને પ્રયોગ ઋગ્વેદમાં જોવા મળે છે. 'ઉત્સવ' શબ્દનો ઉદ્ભવ 'સુ' ધાતુમાંથી થયો છે. 'સુ'નો અર્થ થાય છે ઉત્સાહ આપવો, પ્રેરણા પૂરી પાડવી.

વર્ષભર આવતા ઉત્સવોમાં કેટલાક વેદકાલીન અને પૌરાણિક છે તો કેટલાક શુદ્ધ જાનપદી લોકોત્સવ પણ છે. એ વિશે વિગતે ફરી ક્યારેક વાત કરીશું... પરંતુ ભારતીય ઉત્સવો અળગા થયેલાને એક કરે, સમૂહમાં ખેંચી લાવે, એની સુસ્તી કાઢી નાખે છે અને ખેદ ખંખેરી નાખે છે. પ્રત્યેક ઉત્સવ પાછળ મંગલભાવના રહેલી છે. બહેન ભાઈનું મંગળ ઈચ્છે છે, પત્ની પતિનું મંગલ ઈચ્છે છે, પુત્ર માતા પિતાની આશિષ મેળવે છે, સૌ સાથે મળી દેવની કૃપા યાચે છે. 'દેશ કાળ સારા થજો અમારી રક્ષા કરજો.' આ રીતે ભારતીય પર્વો સાથે લોકમાનસ જોડાયેલું છે.

પ્રત્યેક તહેવાર સાથે કેટલીક કથાઓ જોડાયેલી છે કેટકેટલા રહસ્યો, કેટકેટલી પ્રસન્નતા તહેવારોના ગર્ભમાં છુપાયેલી છે!

સૌને **HAPPY DIWALI.**

rasikvaland1965@gmail.com, ૯૯૧૩૪ ૨૬૯૪૯

પ્રીશાના સુંદર ચહેરા ઉપર ચિંતાનાં વાદળો ઘેરાઈ રહ્યાં હતાં

સ-રસ
મમતા બુચ

બાવીસ વર્ષની પ્રીશાના કપાળ ઉપર બાવીસ કરચલીઓ પડી ગઈ હતી. ઉફ્ફ! કોણે શોધી હશે આ આંકડાની માયાજાળ? પ્રીશાના મગજમાં રહી-રહીને એક જ પ્રશ્ન ઘૂમરાઈ રહ્યો હતો. આ ગણિત શોધનારને તો પકડીને પૂછવું જોઈએ કે આ તેં નવરા બેસીને જે ધંધો કર્યો છે એના પડઘા કેવા અને ક્યાં સુધી પડ્યા કરશે એ તો વિચારવું હતું! પ્રીશાના સુંદર ચહેરા ઉપર ચિંતાનાં વાદળો ઘેરાઈ રહ્યાં હતાં. આવતી કાલે તો કોલેજમાં એસાઈન્મેંટ સબમીટ કરવાનું છે ને હજી સુધી આંકડાનો મેળ બેસતો નથી! પ્રીશાએ હિમાલીને પણ ફોન કરી જોયો હતો પણ એનો ફોન આઉટ ઓફ રીચ હતો. ઊંઘણશી! હજી સુધી નસકોરાં બોલાવતી હશે!

કૌશિકને પણ પૂછવાની ઈચ્છા થઈ આવી પણ એને પૂછીએ એટલે પોતાની જ મજાક ઉડાવવા નોંતરું આપવું! "આટલા મોટા બિઝનેસમેનની દિકરી અને આટલું ય નથી આવડતું!" બધાં ફ્રેન્ડ્ઝ નકામાં! પ્રીશાનું મગજ તપી ગયું હતું. કરેં તો ક્યાં કરેં?

અચાનક પ્રીશાના મગજમાં લાઈટ થઈઃ અરે! ગૂગલ દેવતા! જિસકા કોઈ નહીં ઉસકા તો ગૂગલ હૈ યારોં! ભલે ઘોર્યા કરતી હિમાલી ને ભલે બે વેંત ઊંચો ચાલતો કૌશિક!

પ્રીશાએ બી. કોમ. કર્યા પછી શેઠ મનહરલાલની ઈચ્છા હતી કે એકની એક દિકરી એમના ધમધોકાર ચાલતા બિઝનેસમાં એમને મદદ કરે અને આગળ જતાં આખો કારોબાર સંભાળી લે. પણ પ્રીશાનો જીવ સાહિત્યનો હતો. બી.કોમ. પણ એણે પપ્પાની ઈચ્છાને માન આપીને કર્યું હતું. અને હવે એમ.બી.એ. પણ પપ્પાની ઈચ્છાને લીધે જ કરી રહી હતી.

ખેર! પલાળ્યું છે તો મૂંડાવવું પણ પડશે! પ્રીશાએ લેપટોપ ખોલ્યું. પોતાનું મગજ ચકરાવે ચડાવનાર વિષય માટે સર્ચ કર્યું. ઢગલાબંધ સાઈટ્સ ખૂલી ગઈ. વાઉ! અત્યાર સુધી એ ખોટી જ મિત્રોને આધારે રહી! દુનિયામાં એવો ક્યો પ્રશ્ન છે જેનો ઉત્તર ગૂગલ ધ ગ્રેટ પાસે નથી! પણ એનો ઉત્સાહ થોડી જ ક્ષણોમાં ઓસરી ગયો. યૂ-ટ્યુબ પર વિડીયો તો ઘણા હતા પણ એમાં સ્પષ્ટ અને સરળ રીતે સમજાવનારા કોઈ ન લાગ્યા. કંટાળીને એ ઈન્ટરનેટ બંધ કરવા જતી હતી ત્યાં એનું ધ્યાન છેલ્લા વિડીયો પર પડ્યું.

કોઈક સોહામણો અને તેજસ્વી યુવાન કઁક સમજાવી રહ્યો હતો. પ્રીશાએ વિડીયો જોવાનું ચાલુ કર્યું. અને અંત સુધી જોયા જ કર્યું. પોતાના વિષયનું શીખવા એણે ફરીથી વિડીયો જોવો પડ્યો! યુવાન સરસ અને અસરકારક શૈલીમાં સમજાવી રહ્યો હતો. અંતમાં એણે વધુ જાણકારી મેળવવી હોય તો પોતાનું ઈમેલ એડ્રેસ પણ આપ્યું હતું.

એસાઈન્મેંટ તૈયાર કર્યા પછી પ્રીશાએ પહેલું કામ એ યુવાનને મેલ મોકલવાનું કર્યું જેમાં એણે આટલી સરસ જાણકારી આપવા બદલ એનો આભાર માન્યો હતો. સાંજે સાત વાગે મોકલાયેલા મેલનો જવાબ છેક રાત્રે સાડા આગિયારે આવ્યો જેમાં સામેથી પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આમ તો સવાલ સાડા ચાર કલાકનો હતો પણ કોણ જાણે કેમ જવાબની રાહ જોઈને બેઠેલી પ્રીશાને એ સાડા ચાર વર્ષ જેવા લાગ્યા.

બીજા દિવસે પ્રીશાએ વધુ જાણકારી મેળવવા માટે બીજો મેલ મોકલ્યો. આ વખતે જે જવાબ આવ્યો એમાં યુવાને પોતાનો કોન્ટેક્ટ નંબર પણ લખ્યો હતો. બે દિવસના મનોમંથન પછી ડર અને શરમ પર ઊર્મિઓની જીત થઈ. પ્રીશાએ ધડકતા હૃદયે ફોન લગાડ્યો. સામેથી પૌરુષેય અવાજ આવ્યો, "હા જી, કોણ?" પ્રીશાએ પોતાની મેલ દ્વારા કરેલા કોન્ટેક્ટની વાત કર્યા પછી એ મર્દાના અવાજમાં માધુર્ય પણ ભળી ગયું.

વાત આગળ ચાલી. ચાલતી જ રહી. બંને પક્ષે છૂપો આનંદ એ હતો કે બંને એક જ શહેરમાં રહેતાં હતાં. બંને સંસ્કારી હતાં એટલે રૂબરૂ મળવાની ઈચ્છા હોવા છતાં બહાનું શોધવામાં વાર લાગી.

આખરે પ્રીશાએ જ શોધી કાઢ્યું, "મને મેનેજમેંટનો સબ્જેક્ટ જરા અઘરો પડે છે. તમે કાલે સાંજે કોઈ રેસ્ટોરન્ટમાં મને રૂબરૂ મળી શકો? આપણે ચર્ચા કરીશું. પછી તમને અનુકૂળ આવશે તો તમને ફીસ આપીને પણ હું શીખવા તૈયાર છું." સામે છેડેથી વાતને વધાવી લેવામાં આવી. મળવાનું સ્થળ ક્યું રાખવું એમાં ઘણી ચર્ચા-વિચારણાઓ થઈ. આશ્ચર્યની વાત એ હતી કે શહેરની મધ્યમાં આવેલી જે હોટલ 'સિટી પ્રાઈડ' માટે યુવાન આગ્રહ કરી રહ્યો હતો એની પ્રીશા ધરાર ના પાડી રહી હતી! નવાઈ તો બંને પક્ષે હતી પણ પહેલી જ વાતચીતમાં પર્સનલ કારણોમાં ઊતરવું બંનેને યોગ્ય ન લાગ્યું.

અંતે બીજે દિવસે સાંજે સાત વાગે શહેરની બહાર થોડા જ અંતરે હાઈ-વે પર આવેલી 'મધુરમ રેસ્ટોરન્ટ'માં મળવાનું નકકી થયું. સાતને પાંચ મિનિટે પ્રીશા 'મધુરમ રેસ્ટોરન્ટ'માં દાખલ થઈ. સામે જ દેખાય એમ ટેબલ પર એના "સબ્જેક્ટનો જ્ઞાની" બેઠો હતો! એ સીધી ત્યાં આવી. "હાય!", પ્રીશા બોલી. યુવાને નમસ્કારની મુદ્રામાં હાથ જોડીને પ્રીશાને સામેની ચેર ઉપર બેસવા ઈશારો કર્યો.

વાતની શરૂઆત પ્રીશાએ જ કરી, "મને તમારો વિડીયો, આઈ મીન, તમારી સમજાવટ અને પધ્ધતિ ખૂબ ગમી. બાકી બધા સબજેક્ટ્સ તો ચાલી જાય એમ છે પણ મેનેજમેંટ મને બહુ ફાવતું નથી. તમે...?" યુવાન મુસ્કુરાયો, "સંજીવ....સંજીવ પરીખ મારું નામ. એમ.બી.એ. થયેલો છું. મેનેજમેંટ શીખવાડી શકું છું પણ લાઈફમાં મેનેજમેંટ કરવાનું હજી બાકી છે. તમે પાંચ મિનિટ મોડાં આવ્યાં છો. સારા મેનેજમેંટ માટે સેલ્ફ-ડિસિપ્લિન પહેલી રિકવાયરમેંટ છે. અહીની કોલેજમાં જ ભણો છો?"

પ્રીશા સ્હેજ ઝંખવાઈ, "સોરી, અને હા, હું પપ્પાના આગ્રહથી શહેરની જ કોલેજમાં એમ.બી.એ. કરી રહી છું. એટલે પપ્પાને બિઝનેસમાં હેલ્પ કરી શકું." સંજીવની ભાવવાહી આંખોમાં આદર છવાયો, "એમ? વેરી ગૂડ. હું પૂછી શકું કે તમારા પપ્પાને શાનો બિઝનેસ છે?"

"ઓફકોર્સ, યસ. આપણા સિટીમાં આવેલી હોટેલ 'સિટી પ્રાઈડ'ના ઓનર મારા પપ્પા છે. એટલે જ તો હું તમને ત્યાં મળવાની ના પાડતી હતી!", પ્રીશા મલકી. સંજીવ ઊભો થઈ ગયો. "મેડમ, હું તમને એટલે જ એ હોટલમાં મળવાનું કહેતો હતો. તમને હું ઓળખતો નહોતો પણ તમારા અવાજમાં મારા માટે લાગણીનો પડઘો મેં સાંભળી લીધો હતો. એટલે તમને જણાવી દેવા માંગતો હતો કે હું .....હું 'હોટલ સિટી પ્રાઈડ'માં શેફ છું. અભ્યાસમાં તેજસ્વી હોવા છતાં હજી સારી નોકરીની શોધમાં છું. કૂકિંગ મારો રસનો વિષય છે. એટલે એમાં થોડી-ઘણી આવડત છે. અને ફૂરસદના સમયમાં કોઈને માટે ઉપયોગી થાય એવા વિડીયો બનાવીને સમાજને મદદરૂપ થવાનો પ્રયત્ન કરું છું."

બે ઘડીની સ્તબ્ધતા પછી પ્રીશા ખડખડાટ હસી પડી, "હવે હોટલ 'સિટી પ્રાઈડ'માં જ જઈએ. પપ્પાને કહું ને કે મેનેજમેંટગુરુ કમ શેફ અને એક સંસ્કારી, સ્પષ્ટવક્તા અને સમાજોપયોગી કાર્ય કરતા યુવાન જેવો જમાઈ દીવો લઈને શોધવા જશો તો પણ નહીં મળે!"

નવા વરસે નવો સંકલ્પ જરૂર કરજો પણ એકશન પ્લાન સાથે હોં

નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

આમ જુઓ તો એક જ વરસમાં આપણે કેટલી બધી વાર નવું વરસ મનાવીએ છીએ. દિવાળી પછી બેસતું વરસ આવે ત્યારે, પહેલી જાન્યુઆરી આવે ત્યારે, જનમ દિવસ આવે ત્યારે અને અમુક સંપ્રદાયમાં પાછું અલગ તિથી પ્રમાણે એમનું નવું વરસ ચાલું થતું હોય.

આ દરેક નવા વરસે આપણે પાછા કેટકેટલી પ્રતિજ્ઞા લઈએ છીએ...હવેથી હું રોજ સવારે વહેલો ઊઠીને કસરત કરીશ, નરણા કોઠે લીંબુ ને મધ વાળું હૂંફાળું પાણી પીશ, રોજ અડધી કલાક ચાલવા જઈશ, ટીવી કે ફોન પાછળ વખત બગાડવાનું બંધ કરી અભ્યાસમાં કે નોકરી ધંધામાં મન પરોવીશ, પેલી મારી ગમતી વ્યક્તિને આ વરસે જ 'આઈ લવ યુ' કહીશ, આ વરસે નવું ઘર કે ગાડી ખરીદીશ...અને આમાય તમે જોજો કોઈક વ્યસનનું બંધાણી માણસ નવા વરસે સૌથી પહેલો સંકલ્પ એ વ્યસન છોડી દેવાનો કરશે. પછી...?

પછી શું, નવું વરસ એક જ દા'ડો રહે છે એ દિવસે એને ઉજવી લો પછી જૈસે થે વૈસે! હવે સમજાણું ને કે આપણે એક જ વરસમાં ત્રણ ચાર વાર નવું વરસ કેમ ઉજવવું પડે છે!

માનવ એટલે એકદમ પાક્કો જીવ. એ એમણેમ કોઈ ભૂલ ના કરે પણ ગણતરી કરીને, બધું સમજી વિચારીને પછી ભૂલ કરે. વરસના અંતિમ દિવસે એ નવરો પડે ત્યારે વિચારવા બેસે. ગયા વરસે કેટલું મેળવ્યું ને કેટલું ગુમાવ્યું. શું જોડ્યું ને શું તોડ્યું. ક્યાં ફાયદો થયો ને ક્યાં નુકશાન વેઠવું પડ્યું. આટલું વિચારતા જ એ નક્કી કરી લેશે કે આવતા વરસે બધી વાતે ફાયદો જ ફાયદો થવો જોઈએ, ક્યાંય જોતા ક્યાંય નુકશાન ના જવું જોઈએ. એ વીતેલી વાતો, અનુભવ યાદ કરશે અને પાક્કું નક્કી કરશે કે આવતા વરસે હું આમ જ કરીશ...

નવું વરસ ચાલું થાય ત્યારે ઉત્સાહમાં એ એક દિવસ કદાચ એણે નક્કી કર્યા મુજબ વર્તી લેશે પછી...પછી શરૂ થશે જાતને વાયદા કર્યા કરવાનું. કાલથી હું બરાબર આમ જ કરીશ. અફસોસ કે એ કાલ કદી આવતી નથી.

મોટા ભાગના માણસોને સપના જોવાની બુરી લત હોય છે. અહીં સપના એટલે સૂતી વખતે આવે એ નહીં પણ જાગતી આંખોએ જોવાતા સપના. આ સપનામાં એ જ્યારે પણ પોતાને જુએ ત્યારે એ હંમેશા એક મહેનતું, બુધ્ધિશાળી, નસીબદાર અને સફળ માણસની જ કલ્પના કરે છે. તમે જ કહો ક્યારેય તમે એવું વિચારો છો કે સવારે ઊઠીને હું ચાલવા જાઉં અને રસ્તામાં કેળાની છાલ પર પગ આવતા લપસી પડું ને ત્યારે જ બાજુ વાળા રૂપાળા ભાભી મને જોઈ ખિલખિલ કરતા હસીને ત્યાંથી ચાલ્યા જાય? ના ને? તમારા જાગતી આંખે જોવાતા સપનામાં જો પડી જવાનું નક્કી હોય તો એ પડનાર કોઈક બીજો માણસ હશે તમે નહીં. તમે તો ત્યારે એ પડી ગયેલા માણસ પર બાજુવાળા રૂપાળા ભાભી પાસે ઊભા હસતા હસો, ને જો સંજોગવશાત તમારે જ પડવાનું છે એવું નક્કી હોય તો એ જ સમયે ત્યાં અચાનક ટપકી પડેલા બાજુ વાળા ભાભી તમને જોઈ ખિલખિલ હસસે નહીં પણ એ તરત તમારી પાસે દોડી આવી તમને ઊભા થવામાં મદદ કરશે... આ તમારું જાગતી આંખે જોવાતું સપનું છે આગળની કલ્પના તમે જ કરી લો ભૈસાબ!

આટલી લાંબી કથા કરી મારું કહેવાનું એટલું જ કે માનવ ભાગ્યે જ પોતાને સામાન્ય કે નિષ્ફળ વ્યક્તિ તરીકે વિચારે છે. એના મનમાં તો પોતે હંમેશા હીરો જ હોય છે અને ત્યાં જ એ માર ખાઈ જાય છે. સાચુકલી દુનિયામાં જ્યારે એ પગ મૂકે છે ત્યારે એને સમજાય છે, એની ચારે બાજુ નકરા હીરો જ હીરો ભર્યા છે. દુનિયામાં કોઈને સામાન્ય કે નિષ્ફળ વ્યક્તિ બનીને નથી જીવવું અને એટલે જ બધી કોર હરીફાઈ લાગી છે. આ હરીફાઈમાં ટકવાનું દરેકનું ગજું નથી હોતું. ત્યાં જિંદગી જેવું તમે વિચારો છો એમ જ આગળ નથી વધતી અને શરૂઆત થાય છે પહેલી વખત નિષ્ફળ જવાની. હિંમત તૂટવાની. ધીરજ ખોઈ બેસવાની. દિલ તૂટીને ટુકડે ટુકડા થઈ જવાની અને પછી હાર માની લેવાની. નિરાશ થઈ જવાની.

આ હારેલો થાકેલો માનવી હજી એના સપનાથી પિંછો નથી છોડી શકતો. એને હજી આશા હોય છે કોઈક રીતે બધું બદલી કાઢીને ગમતું મેળવી લેવાની. એ આશા પૂરી કરવા એને બસ એક તક જોઈતી હોય છે અને એવી તક એને દેખાય છે નવી શરૂઆતમાં. નવા વરસમાં જિંદગીને એક નવી રીતે જીવવામાં. જૂની ભૂલોને અલવિદા કહી નવો પ્રયાસ કરવામાં...અને જે લોકો ખરેખર નવી શરૂઆત કરી ત્યાં ટકી જાય છે એ સફળ પણ થાય છે!

તો રાહ શેની જુઓ છો. વરસના છેલ્લા દિવસો જઈ રહ્યા છે અને નવું વરસ હવે આવવામાં છે ત્યારે તમારે ખાલી સપનામાં જ સફળ થવું છે કે સાચુકલા જીવનમાં પણ? તો હાલો જૂની ભૂલો યાદ કરી એને અલવિદા કહીએ અને નવા વર્ષને નવા સંકલ્પથી વધાવીએ...

અમસ્તું,

આમ હાર માનીને દુઃખી ના થાઓ, નવી શરૂઆત ગમ્મે ત્યારે થઈ શકે છે...

@KapadiaNiyati